સરકારી કુમાર છાત્રાલય, નવસારી
માટે મકાન ભાડે રાખવાની મંજૂરી
આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૨૧/૫૦૩/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૦૪/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૮/૬૨૨૦૧૪/ન.બા-૪/અ.૧
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૧/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: નં. વિજાક/સછા/મ.ભા./૨૦૨૦-૨૧/૬૧૧

**આમુખઃ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૦૯/૦૯/૨૦૧૯ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય, નવસારીને વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈ તથા શરતોને આધીન વહીવટી મંજૂરી મળેલ છે. વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૦૧/૦૪/૨૦૨૧ના પત્રથી નવસારી વિભાગ કેળવણી ટ્રસ્ટની માલિકીનું કડીયાવાડ મુખ્યમાર્ગ, નવસારી ખાતે આવેલ મકાનનો બીજો માળ સરકારી કુમાર છાત્રાલય, નવસારી માટે અનુકૂળ હોવાનું જણાવી ભાડેથી રાખવા માટે દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે સરકારી કુમાર છાત્રાલય, નવસારી માટે નવસારી વિભાગ કેળવણી ટ્રસ્ટની માલિકીનું કડીયાવાડ મુખ્યમાર્ગ, નવસારી ખાતે આવેલ મકાનનો બીજો માળ માસિક રૂ.૩૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંત્રીસ હજાર પુરા)થી ભાડે રાખવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મકાનનું ભાડું મંજૂર થયા બાદ, જે તારીખે મકાનનો કબજો મેળવવામાં આવે તે તારીખથી મકાન ભાડું ચૂકવવાનું રહેશે.

(૨) આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.

(૩) આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૪) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાની રહેશે. તમામ બાથરૂમ/સંડાસ સ્વચ્છ રાખવાની તથા મેઈન્ટેન્સની જવાબદારી મકાન માલિકની રહેશે.

(૫) મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.

(૬) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૮) કાર્યપાલક ઇજનેરશ્રીનું મકાન ભાડા અંગેનું પ્રમાણપત્ર દર વર્ષે નવેસરથી મેળવીને રજૂ કરવાનું રહેશે.

(૯) ફાયર સેફટી અંગેની વખતોવખતની સરકારી ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૦૪/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(કે.એ.ચૌહાણ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાના:-**

(૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૩) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, નવસારી

(૪) નાયબ નિયામકશ્રી(વિ.જા.ક.)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, નવસારી [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) સેકશન અધિકારીશ્રી(કમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતાવિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૭) સિલેકટ ફાઇલ